


# સે-૧૧ અને ૨૧માં પાર્કીંગ પ્લેસની ડિઝાઈન યોગ્ય કરવા આયોજન

**હાલના પાર્કીંગની ડીઝાઇન યોગ્ય ન હોવાથી બન્ને ઠેકાણે નવા પાર્કીંગ તૈયાર કરવામાં આવશે**

ગાંધીનગર તા ૧૮

શહેરના સે-૧૧ અને સે-૨૧ માં પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા માટે દોઢ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલ આ સેકટરોમાં કોર્મશિયલ કોમ્પ્લેક્ષોને અનુલક્ષી અગાઉ નિર્માણ કરાયેલા પાર્કીંગની ડિઝાઈન યોગ્ય ન હોવાથી આ પાર્કીંગ પ્લેસ બિનઉપયોગી નિવડયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. શહેરના કોર્મશિયલ કોમ્પલેક્ષો પાસે પાર્કીંગ સેન્સના અભાવે વાહન પાર્કીંગની સમસ્યા આમપણ વિકરાળ બનતી જાય છે. આવા સંજોગોમાં આ પાર્કીંગ પ્લેસ નવી ડિઝાઈનથી તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે.

શહેરમાં પાર્કીંગ પ્લેસ દબાણોનો અડ્ડો બન્યા છે. જયારે નગરના મુખ્ય કોર્મશિયલ ઝોનમાં પાર્કીંગની સમસ્યા વિકરાળ બની છે. જેના લીધે સાંકડા સર્વિસ રોડ પર માર્ગ વચાળે જ વાહનો ખડકી દેવાતા ટ્રાફિક જામ સહીત માર્ગ સલામતીને સ્પર્શતા અનેક પ્રશ્નો નગરજનો માટે મુંઝવણરૂપ બન્યા છે. શહેરના સે -૧૧ અને સે-૨૧ માં વાહનો યોગ્ય રીતે પાર્ક થાય તે માટે દાયકાથી વધુ સમય પુર્વે પાર્કીંગ પ્લેસ ઉભા કરવામાં આવ્યા હતા. પરંતુ વાહનોની વધતી સંખ્યા વચ્ચે પાર્કીંગનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. સે-૧૧ અને સે-૨૧ માં અગાઉ તંત્ર દ્વારા નિર્માણ કરાયેલા પાર્કીંગની ડિઝાઈન જ વાહનો પાર્ક કરવા માટે ફીટ નથી. અલબત્ત પાર્કીંગ પ્લેસની ડીઝાઈન ખોટી હોવાનુ તારણ પણ સામે આવ્યુ છે. જેના લીધે આમ નાગરિકો માટે વાહન પાર્ક કરવાનુ મુશ્કેલ બને છે. જયારે બીજીતરફ દબાણો પણ ગોઠવાઈ જતા નગરજનોએ પોતાના વાહન મુકવાની જગ્યા શોધવા માટે પણ માથુ ખંજવાળવુ પડે તેવી સ્થિતિ છે. જો કે દબાણો દુર કરાયા બાદ હવે વાહનો માટે જગ્યા ખુલ્લી થઈ છે. પરંતુ વાહનો માટેના

## આજે મનપાના ૧૦ સિની. ક્લાર્કની જગ્યા માટે ૪૮ હજાર પરીક્ષાર્થી પરીક્ષા આપશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ૧૦ સિનીયર ક્લાર્કની ભરતી માટે આજે ૪૮ હજાર પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે.

આ પરીક્ષા માટે ગાંધીનગર શહેરમાં ૨૦ કેન્દ્રો અને અમદાવાદ, વડોદરાના કેન્દ્રો મળી કુલ ૬૫ કેન્દ્રો પર આ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

મનપા દ્વારા જુદી જુદી કેડરની ૧૨૦ થી પણ વધુ જગ્યાઓની ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જી.ટી.યુ. દ્વારા આ સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ છે જે નોંધનીય છે.

## સિવિલના જેનરિક દવાના સ્ટોરમાં સ્ટાફ અને દવાનો અપૂરતો જથ્થો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં શરૂ કરાયેલ જેનરિક દવાના સ્ટોરમાં અપૂરતા કર્મચારીઓના અભાવે અને દવાના જથ્થાના અભાવે દર્દીઓના સગા હેરાન થઈ રહ્યા છે તેવી ગંભીર રજુઆત ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે સંકલન સમિતિની બેઠકમાં કરી હતી. જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં ડૉ. ચાવડાએ કહ્યુ કે સ્ટાફના અભાવે કલાક-કલાક સુધી લાઈનમાં ઉભા રહ્યા પછી દર્દીના સગાને કહેવામાં આવે દવા નથી. આવા સ્ટોર્સમાં સામાન્ય દવાઓ પણ ઉપલબ્ધ નથી હોતી. ડાયાબીટીસ, બી.પી.ની દવાઓ બીજેથી ખરીદવા જવી પડે છે.

તેમણે જણાવ્યુ હતુ કે ઈમરજન્સી વોર્ડના પેશન્ટ માટે આ સ્ટોરમાં અલાયદી વ્યવસ્થા રાખવી જોઈએ જેથી સમયસર દવા દર્દીને પ્રાપ્ત થાય.


વરસાદી માહોલ - પણ વરસાદ નહિ....

# સેકટરોમાં ફુટપાથનુ બાકી કામ હાથ ધરવા માટે દરખાસ્ત કરાઈ

ગાંધીનગર તા ૧૮

શહેરમાં ફુટપાથ નિર્માણ અન્વયે બાકી રહેતી કામગીરી અંગે તંત્ર દ્વારા અગાઉ સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે બાકી રહેતા સેકટરોમાં ફુટપાથનુ કામ પુર્ણ કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સે-૨૬ માં કીસાનનગરના રીંગ રોડ પર ફુટપાથનુ કામ હાથ ધરાશે. જયારે ચ માર્ગ થી રોડ નં -૬ ને જોડતા માર્ગને અનુલક્ષીને પણ ફુટપાથ નિર્માણની કામગીરી હાથ ધરવા માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરમાં ફુટપાથ નિર્માણની કામગીરી અન્વયે સેકટરોમાં બાકી કામગીરી અન્વયે સર્વે હાથ ધરાયો હતો. જયારે હજુ સેકટરોના કેટલાક ભાગોમાં ફુટપાથનુ કામ

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com